## BUSINESS મિત્ર

### ઇરાન-યુએસની વાટાઘાટો તૂટી પડવાની સંભાવનાએ શેરબજારમાં શરૂઆતી ઉછાળો ટક્યો નહીં

# અનિશ્ચિતતા વચ્ચે શેરબજારમાં ફ્લેટ ક્લોઝિંગ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. 20

ઈરાન-અમેરિકા વચ્ચે વાટાઘાટો શરૂ થાય તે પુર્વે જ ફરીથી તણાવનો માહોલ શરૂ થઈ ગયો છે. આ વખતે ઈરાને અમેરિકા સાથે મંત્રણા કરવા તૈયાર થઈ રહ્યું નથી, જ્યારે અમેરિકા તૈયાર છે. આમ, વૈશ્વિક તણાવ ચાલુ રહેતા અને હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી બંધ થઈ જવાના કારણે ફરી એકવાર ક્રુડ ઓઈલ નીચલા સ્તરેથી ઉછળ્યા હતા અને ફરીથી 100 ડોલર પ્રતિ બેરલ તરફ આગેકૂચ કરતા જોવાયા હતા.

પશ્ચિમ એશિયાના સંઘર્ષ ઘટવાની ઘટનામાં અનિશ્ચિતતાના વાદળો ઘેરાયેલા હોવાથી શરૂઆતી ઉછાળો ધોવાઈ ગયો હતો. જોકે, છેલ્લે સામાન્ય સુધારા સાથે બંધ રહ્યા હતા. આગામી ચોથા કવાર્ટરના પરિણામ અને બ્રોડર માર્કેટના સેન્ટિમેન્ટ ઉપર તેમની અસર પાડશે. ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતા વચ્ચે ક્રુડ ઓઈલના ભાવ, સોના અને રૂપિયાની ગતિ પર પણ નજર રાખશે. જેથી ફરીથી રોકાણકારો સાવચેત થઈને લેણમાંથી હળવા થતા જોવા મળ્યા હતા.

સેકટર વાઈઝ જોઈએ તો આઈટી, રિયલ્ટી અને મેટલ શેરોમાં ઘટાડો જોવાયો હતો. જ્યારે મીડિયા, પીએસયુ બેન્ક અને ઓટો શેરોમાં સુધારો જોવાયો હતો. બીએસઈ સેન્સેક્સ 26.76 પોઈન્ટ એટલે કે 0.03 ટકા સુધરીને 78520.30 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 78942 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 78203 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 11.30 પોઈન્ટ એટલે કે 0.05 ટકા વધીને 24364.85 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24480.65 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24241 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 16.64 પોઈન્ટ એટલે કે 0.03 ટકા સુધરીને 56582.35 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે હેક્ષાવેર ટેકનોમાં 4.78 ગણા, ભારતી હેક્ષાકોમમાં 4.41 ગણા, રેડિકો ખેતાનમાં 3.26 ગણા, એમ્બેસી ડેવલપમેન્ટમાં 3.24 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ત્રિવેણી ટર્બાઈનમાં 23.32 ગણા, વર્ધમાન ટેકસટાઈલ્સમાં 7.82 ગણા, ગ્રેફાઈટ ઈન્ડિયામાં 7.27 ગણા, ઈન્ડિયન એનર્જીમાં 5.36 ગણા, ગ્રેન્યુઅલ્સ ઈન્ડિયામાં 5.19 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ સેન્ટિમેન્ટ બગડ્યું હતું અને બેઉતરફી વધઘટે નરમ બંધ રહ્યું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.09 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.15 ટકાનો ઘટાડો નોંધાયો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળી રહી હતી. બીએસઈ ખાતે 1821 શેરો વધ્યા હતા, જ્યારે 2566 શેરો ઘટ્યા હતા અને 199 શેરો યથાવત રહ્યા હતા.

મીડિયા શેરોમાં ધીમો સુધારો આગળ વધ્યો હતો. નિફ્ટી મીડિયા ઈન્ડેક્સ 0.90 ટકા સુધર્યો હતો. જેમાં ઝી એન્ટર, સન ટીવી નેટવર્ક, પીવીઆર આઈનોક્સ વધ્યો છે. જ્યારે પ્રાઈમ ફોકસ, હેથવે કેબલ અને ટીપ્સ મ્યુઝીક ઘટ્યો હતો.

વૈશ્વિકિ સ્તરે ઈરાની ધ્વજવાળા જહાજને યુએસ દ્વારા હોર્મુઝ સ્ટ્રેટમાં કબજે કર્યાના અહેવાલથી રોકાણકારોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. જેના કારણે વૈશ્વિક ઉર્જા પ્રવાહમાં વધુ વિક્ષેપ અને રાજદ્વારી પ્રયાસોને પાટા પરથી ઉતારવાની આશંકા વધી હતી. ઈરાન અને યુએસ વચ્ચે નવા તણાવ વચ્ચે રોકાણકારો મીડલ ઈસ્ટના વિકાસ પર સાવચેતીપુર્વક નજર રાખતા હોવાથી એશિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યું હતું. જોકે, મોટા ભાગના બજારો પોઝિટિવ બંધ રહ્યા હતા. જ્યારે યુરોપિયન બજારો લાલ નિશાનમાં ચાલલી રહ્યા છે.

આ દરમ્યાન ચીને સતત 11માં મહિને ધિરાણ દરોને યથાવત રાખ્યા હતા. કેમ કે મીડલ ઈસ્ટના તણાવને કારણે ઉર્જાના ભાવમાં વધારો થયો હતો અને વૃદ્ધિના દ્રષ્ટિકોણ પર ભાર મુક્યો હતો. ચીને પ્રથમ કવાર્ટરમાં 5 ટકાની વૃદ્ધિ પછી આ નિર્ણય લીધો છે. જે અગાઉ કવાર્ટરમાં 4.5 ટકા વધ્યો હતો. યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.65 ટકા, કેક 0.92 ટકા અને ડેકેસ 1.28 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.66 ટકા, સ્ટ્રેઈટસ 0.12 ટકા, હેંગસેંગ 1.03 ટકા, તાઈવાન 0.42 ટકા, કોસ્પી 0.44 ટકા અને શાંઘાઈ 0.75 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે જકાર્તા 0.53 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયો તૂટીને ૯૩ને પાર નીકળી ગયો

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો તૂટયો હતો. અમેરિકા અને ઇરાન વચ્ચેના સમજૂતી કરાર ભંગાણ થવાની સંભાવનાએ રૂપિય તૂટીને 93ને પાર નીકળી ગયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 19 પૈસા તૂટીને 93.12ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 92.93ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 109.56, પાઉન્ડ 125.85, કેનેડિયન ડોલર 67.91, ઓસ્ટ્રેલિયન ડોલર 67.05, જાપાનીઝ યેન 0.5862 અને સીંગાપોર ડોલર 73.33ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 93.12 રૂ. |
| યુરો | 109.56 રૂ. |
| પાઉન્ડ | 125.85 રૂ. |
| યેન | 0.5862 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 26.76 | 78520.30 |
| નિફ્ટી | 11.30 | 24364.85 |
| બેન્ક નિફ્ટી | 16.65 | 56582.35 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 3.29 | 4242.80 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 2.76 | 1274.50 |
| એસબીઆઇ | 2.55 | 1107.85 |
| એશિયન પેઇન્ટસ | 2.14 | 2516.80 |
| ગ્રાસીમ ઇન્ડ. | 1.46 | 2760.10 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| જિયો ફાઇનાન્સીયલ | 2.75 | 237.15 |
| હિન્દાલ્કો | 2.29 | 1015.20 |
| ટીએમપીવી | 1.22 | 355.70 |
| કોટક બેન્ક | 1.15 | 379.20 |
| બીઇએલ | 1.12 | 457.55 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 3.33 | 4242.85 |
| એસબીઆઇ | 2.52 | 1107.60 |
| એશિયન પેઇન્ટસ | 2.15 | 2516.30 |
| બજાજ ફાઇનાન્સ | 1.08 | 918.55 |
| એનટીપીસી | 1.08 | 397.90 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| લાર્સન-ટુબ્રો | 1.10 | 4050.00 |
| બીઇએલ | 1.09 | 457.65 |
| એચસીએલ ટેક્નો | 0.98 | 1428.35 |
| કોટક બેન્ક | 0.86 | 380.20 |
| બજાજ ફિનસર્વ | 0.67 | 1826.20 |

**જથ્થાબંધ ખાંડબજાર**
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૨ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૪.૫ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૩ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૪૨ |
| ૬૮/૩૬ | ૧૪૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૮.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૬.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૯ | ૮૦/૭૨ રોટો | ૧૩૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૩૬ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૭ |

**સોના-ચાંદી સુરત**
(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૭૫૦૦ |
| તેજાબી સોનું | ૧૫૭૪૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૯૬૨૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૪૩૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૭૫૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૯૮૦૦ |
| ચાંદી સિક્કા | ૨૬૧૩૦૦ |

**તેલ બજાર સુરત**
૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૫૪૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૬૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૬૬૦ | તલતેલ | ૪૮૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૪૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૭૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

# FPIsની ભારતીય બજારમાં વાપસી: એક સપ્તાહમાં રૂ. 4,794 કરોડ ઠાલવ્યા

**2026માં** અત્યાર સુધી કુલ FPI વેચાણ રૂ. 1,86,070 કરોડ

**એપ્રિલમાં** મોટા આઉટફ્લો છતાં છેલ્લા 3 દિવસમાં 'યુ-ટર્ન'

મુંબઈ, તા. 20. વૈશ્વિક અનિશ્ચિતતા અને ઈરાન-અમેરિકા સંઘર્ષ વચ્ચે ખરડાયેલા સેન્ટિમેન્ટમાં ગત અઠવાડિયે મોટો સુધારો જોવા મળ્યો છે. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) એ ભારતીય ઈક્વિટી માર્કેટમાં ફરી ભરોસો બતાવીને રૂ. 4,794.28 કરોડનું ચોખ્ખું રોકાણ કર્યું છે.

**લેવાલીનો ટ્રેન્ડ: સપ્તાહ દરમિયાન ઉતાર-ચઢાવ**

NSDLના ડેટા અનુસાર, 17 એપ્રિલ, 2026ના રોજ પૂરા થયેલા ચાર દિવસના ટ્રેડિંગ સપ્તાહમાં FPIs ચોખ્ખા ખરીદદાર રહ્યા હતા:

**13 એપ્રિલ:** રૂ. 1,509 કરોડની ખરીદી.

**15 એપ્રિલ:** રૂ. 1,435 કરોડનું વેચાણ (માત્ર એક દિવસની નરમાશ).

**16-17 એપ્રિલ:** આક્રમક ખરીદી પરત ફરી, જેમાં 16 એપ્રિલે સૌથી વધુ રૂ. 3,098.97 કરોડનું રોકાણ થયું.

**સેન્ટિમેન્ટ બદલાવાના મુખ્ય કારણો**

રોકાણકારોના વલણમાં આવેલા આ પરિવર્તન પાછળ નિષ્ણાતો ત્રણ મુખ્ય કારણો ગણાવે છે:

**યુદ્ધવિરામની અસર:** પશ્ચિમ એશિયામાં તણાવ ઘટતા અને યુદ્ધવિરામની જાહેરાતથી બજારમાં રાહત થઈ છે.

**ક્રૂડમાં નરમાશ:** તેલના ભાવ ઘટતા ફુગાવા અને વ્યાજદરમાં વધારાનો ભય ઓછો થયો છે.

**રૂપિયામાં સ્થિરતા:** RBI દ્વારા સટ્ટાકીય પ્રવૃત્તિઓ રોકવા લેવાયેલા પગલાંથી રૂપિયો મજબૂત થયો છે, જેણે FPIsને આકર્ષ્યા છે.

**વાર્ષિક ચિત્ર હજુ પણ પડકારજનક**

ચાલુ અઠવાડિયે લેવાલી જોવા મળી હોવા છતાં, એપ્રિલ મહિનામાં અત્યાર સુધીમાં કુલ રૂ. 44,929 કરોડનું વેચાણ નોંધાયું છે. વર્ષ 2026માં અત્યાર સુધીનો કુલ આઉટફ્લો રૂ. 1,86,070 કરોડ પર પહોંચ્યો છે. ડેટ માર્કેટમાં પણ વલણ મિશ્ર રહ્યું છે, જેમાં ડેટ-FAR સેગમેન્ટમાં રોકાણકારોએ આંશિક રુચિ દાખવી છે.

# ડોલરની અછત સર્જાશે તો યુએઈ ઓઈલનો વેપાર ચીની યુઆનમાં કરી શકે

**UAEએ** અમેરિકા સમક્ષ કરન્સી-સ્વેપની દરખાસ્ત મૂકી

નવી દિલ્હી, તા. 20: ઈરાન સાથેના વધતા સંઘર્ષની આર્થિક અસરો સામે રક્ષણ મેળવવા સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)એ અમેરિકા સાથે મહત્વની મંત્રણા શરૂ કરી છે.

વોશિંગ્ટન પોસ્ટના અહેવાલ મુજબ, જો પર્શિયન ગલ્ફમાં કટોકટી વકરે અને ડોલરની તરલતા ઓછી થાય, તો યુએઈએ અમેરિકા પાસે ચલણ વિનિમય સુવિધા (કરન્સી-સ્વેપ લાઇન)ની દરખાસ્ત મૂકી છે.

યુએઈને ચિંતા છે કે યુદ્ધને કારણે તેની ઓઈલ-ગેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને હોર્મુઝની સામુદ્રધુનીમાં ટેન્કરોની અવરજવર ખોરવાઈ શકે છે, જેનાથી ડોલરમાં મળતી આવક અટકી શકે. અમીરાતે ચેતવણી આપી છે કે જો ડોલરની અછત સર્જાશે, તો તેઓ ઓઈલના વેચાણ માટે ચાઈનીઝ યુઆન જેવી વૈકલ્પિક કરન્સીનો ઉપયોગ કરી શકે છે.

આ પગલું વૈશ્વિક વેપારમાં ડોલરના વર્ચસ્વ માટે પડકારરૂપ બની શકે છે. જોકે, ફેડરલ રિઝર્વ આ સુવિધા આપવા બાબતે સાવધ છે, કારણ કે તે સામાન્ય રીતે માત્ર જી-7 દેશો અથવા ગંભીર નાણાકીય જોખમ ધરાવતા દેશોને જ અપાય છે.

હાલમાં યુએઈ પાસે 270 અબજ ડોલરનું વિદેશી મુદ્રા ભંડાર છે, જે તેની આર્થિક સ્થિરતાને ટેકો આપી રહ્યું છે.

# રિઝર્વ બેન્કે રૂપિયાના વેપાર પરના કેટલાક પ્રતિબંધો હળવા કર્યા

નવી દિલ્હી, તા. 20: રૂપિયાની અસ્થિરતાને રોકવા માટે ઓફશોર નોન ડિલીવેબલ ફોરવર્ડ માર્કેટમાં પોઝિશન લેતા ફોરેક્સ ડીલરો પર લાદવામાં આવેલા કેટલાક પ્રતિબંધો પાછા ખેંચી લીધા હતા. આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાનું આ નિવેદન અગાઉના નિવેદનના થોડાક દિવસો પછી આવ્યું છે, જેમાં તેમણે કહ્યું હતું કે, આ પ્રતિબંધો હંમેશા માટે લાગુ રહેશે નહીં. માર્ચના અંતમાં સેન્ટ્રલ બેન્કે રૂપિયાના ફ્રી ફોલને નવી નીચી સપાટીએ રોકવા માટે કડક પગલાં ભર્યા હતા. કેમ કે યુએસ-ઈરાન યુદ્ધ વધુ વકરતા બ્રેન્ટ ક્રુડ 100 ડોલરે વટાવી ગયું હતું. જેથી કરન્સી બજારમાં રૂપિયામાં અતિશય અસ્થિરતા ઉભી થઈ હતી.

# ટેક જગતમાં હાહાકાર: 2026ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં 73,000થી વધુ કર્મચારીઓની છટણી

**કંપનીઓ** ખર્ચ ઘટાડવા અને AI પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે

સેન ફ્રાન્સિસ્કો, 20 એપ્રિલ, 2026 વૈશ્વિક ટેકનોલોજી ક્ષેત્રે છટણીનો દોર અટકવાનું નામ નથી લઈ રહ્યો. વર્ષ 2026ના માત્ર પ્રથમ ત્રણ મહિનામાં જ 95 આઈટી કંપનીઓએ કુલ 73,200 કર્મચારીઓને છૂટા કર્યા છે. આ આંકડો આગામી સમયમાં હજુ વધવાની આશંકા છે.

આઈટી કંપનીઓ પર વધતા માર્જિન દબાણ અને સંચાલન ખર્ચ ઘટાડવા માટે હવે 'આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ' (AI) તરફ વળ્યા છે. ભૂતકાળમાં થયેલી આક્રમક ભરતી બાદ હવે કંપનીઓ નફાકારકતા જાળવવા કામગીરી સુવ્યવસ્થિત કરી રહી છે.

**મોટી કંપનીઓના મોટા કાપ**

**સ્નેપ ઇન્ક:** આશરે 1,000 કર્મચારીઓ (16% સ્ટાફ)ની છટણી કરી $500 મિલિયનની વાર્ષિક બચતનું લક્ષ્ય રાખ્યું છે.

**વોલ્ટ ડિઝની:** નવા સીઈઓ જોશ ડી'અમારો હેઠળ પુનર્ગઠનના ભાગરૂપે 1,000 કર્મચારીઓ છૂટા કરાશે.

**મેટા:** કેલિફોર્નિયાની ઓફિસોમાંથી વધુ 198 જગ્યાઓ નાબૂદ કરી છે. આ વર્ષે અત્યાર સુધીમાં મેટા હજારો કર્મચારીઓ ઘટાડી ચુકી છે.

**ઓરેકલ:** સૌથી મોટો ફટકો ઓરેકલમાં જોવા મળ્યો છે, જ્યાં 30,000 નોકરીઓ જવાની શક્યતા છે. જેમાં ભારતના સૌથી વધુ 12,000 કર્મચારીઓ પ્રભાવિત થશે.

**સેવરેન્સ પેકેજ અને રાહત**

છૂટા કરાયેલા કર્મચારીઓને રાહત આપવા કંપનીઓએ વિવિધ પેકેજ જાહેર કર્યા છે. અમેરિકામાં કર્મચારીઓને 4 મહિના સુધીનો પગાર અને હેલ્થકેર લાભો અપાઈ રહ્યા છે. ભારતમાં ઓરેકલ જેવા એકમો દ્વારા કામ કરેલા દરેક વર્ષ દીઠ 15 દિવસનો પગાર, વીમો અને બે મહિનાનો ફિક્સ પગાર આપવાની તૈયારી દર્શાવી છે. નિષ્ણાતોના મતે, ટેક કંપનીઓ હવે માનવબળને બદલે AI ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં મોટું રોકાણ કરી રહી હોવાથી આ સ્થિતિ સર્જાઇ છે.

# બેન્કિંગ સેક્ટરમાં જોરદાર તેજી

**પીએસયુ** બેન્કોમાં તેજીનો પવન ફુંકાયો, પ્રાઇવેટ બેન્ક શેરો નિરસ રહ્યા

મુંબઈ, તા. 20: બેન્કિંગ શેરોમાં આજે તેજીનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. ચોથા ક્વાર્ટરના સારા પરિણામો અને બ્રોકરેજ કંપનીઓની હકારાત્મક ટિપ્પણીઓ દ્વારા બેંક શેરોને ટેકો મળી રહ્યો છે. જોકે, ઈન્ડેક્સના હેવીવેઈટ શેરોનું પ્રદર્શન મિશ્ર છે. મોટી બેન્કોમાં આઈસીઆઈસીઆઈ બેન્કના શેરમાં સૌથી વધુ વધારો થયો છે. જ્યારે એચડીએફસી બેંકના પરિણામો બાદ તેના શેર નરમ રહ્યા છે. બેન્કિંગ ક્ષેત્રના ચોથા ક્વાર્ટરના પરિણામોમાં એક સામાન્ય વિશેષતા એ રહી છે કે તેમના ધિરાણ ખર્ચમાં તીવ્ર ઘટાડો થયો છે અને સંપત્તિની ગુણવત્તામાં સુધારો થયો છે. આ પરિબળોને લીધે, તેમની મૂળ આવક વૃદ્ધિ સમાન ન હોવા છતાં પણ તેમનો નફો વધ્યો છે. મોટાભાગની બેંકોની લોન વૃદ્ધિનું વલણ મજબૂત છે, જ્યારે થાપણની વૃદ્ધિ અને ભંડોળની પેટર્ન ધીમે ધીમે સ્થિર થઈ રહી છે.

આજે સવારના બેન્ક નિફ્ટીએ લાર્જ માર્કેટથી સારૂં પ્રદર્શન કરી રહ્યું હતું. પીએસયુ બેન્ક ઈન્ડેક્સ બે ટકા જેટલો વધ્યો હતો. પ્રાઈવેટ બેંકોમાં ધીમો સુધારો રહ્યો હતો. પ્રાઈવેટ બેન્કોની નજર કરીએ તો આઈસીઆઈસીઆઈ બેન્કનો શેર વધ્યો હતો. જેના ચોથા કવાર્ટરમાં અપેક્ષા કરતા સારી કમાણી કરી હતી. જ્યારે એચડીએફસી બેન્કના પરિણામ અપેક્ષા મુજબના હોવા છતાં નરમ રહ્યો હતો. બેન્કિંગ પેકમાં પીએસયુ બેન્કોનું પ્રદર્શન સતત સારૂં રહ્યું છે. એસબીઆઈ, બેંક ઓફ મહારાષ્ટ્ર, બેંક ઓફ ઈન્ડિયા અને કેનેરા બેંકમાં વધારો જોવા મળી રહ્યો છે. ખાનગી બેન્કોમાં કોટક મહિન્દ્રા બેન્કમાં મંદી જોવા મળી રહી છે. બ્રોકરેજ હાઉસીસ પણ બેન્ક શેરો પર બુલીશ છે.

# કુવૈતે ફોર્સ મેજ્યુર જાહેર કર્યું: ગ્રાહકોને કરાર મુજબનું ક્રૂડ હાલ નહીં મળે

**કુવૈત** પાસે હોર્મુઝ સિવાયનો વૈકલ્પિક માર્ગ નથી અને તેના ઓઇલ સ્ટોરેજ ભરાઇ ગયા છે

કુવૈત સિટી, તા. ૨૦: હોર્મુઝની સામુદ્રધુનીમાં સર્જાયેલી નાકાબંધીને કારણે પશ્ચિમ એશિયામાં ઊર્જા સંકટ ઘેરું બન્યું છે. આ તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે કુવૈતે ક્રૂડ ઓઈલ અને રિફાઈન્ડ પ્રોડક્ટ્સના શિપમેન્ટ પર 'ફોર્સ મેજ્યુર' જાહેર કરી દીધું છે. એટલે કે તેના ગ્રાહકોને કરાર મુજબની માલની ડિલીવરી મળશે નહીં.

કુવૈત પેટ્રોલિયમ કોર્પોરેશન(KPC) દ્વારા જારી કરાયેલા સત્તાવાર દસ્તાવેજો અનુસાર, કંપનીએ તેના તમામ આંતરરાષ્ટ્રીય ગ્રાહકોને જાણ કરી છે કે હોર્મુઝની સામુદ્રધુનીમાં અવરોધને કારણે પર્સિયન ગલ્ફમાં જહાજોનું આવાગમન અશક્ય બન્યું છે. આ ભૌગોલિક અને સુરક્ષા સંબંધી કારણોસર કંપની તેની કરારબદ્ધ ડિલિવરી પૂરી કરવામાં અસમર્થ છે. 'ફોર્સ મેજ્યુર' એ એક એવી કાનૂની જોગવાઈ છે જે યુદ્ધ અથવા અનિવાર્ય સંજોગોમાં સપ્લાયરને કાનૂની જવાબદારીઓમાંથી રક્ષણ આપે છે.

કુવૈતની સ્થિતિ અન્ય આરબ દેશો કરતા વધુ ગંભીર ગણાઈ રહી છે. સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત(UAE) પાસે રાતા સમુદ્ર તરફ જતી વૈકલ્પિક પાઈપલાઈન્સ ઉપલબ્ધ છે, જે હોર્મુઝના માર્ગને બાયપાસ કરી શકે છે. તેની સરખામણીએ કુવૈત સંપૂર્ણપણે પર્સિયન ગલ્ફના દરિયાઈ માર્ગ પર નિર્ભર હોવાથી તેના ઓઈલ સ્ટોરેજ અત્યારે છલોછલ ભરાઈ ગયા છે અને ઉત્પાદનમાં 1990ના દાયકા પછીનો સૌથી મોટો ઘટાડો કરવો પડ્યો છે.

નિષ્ણાતોના મતે, હાલમાં અંદાજે 1.3 કરોડ બેરલ તેલ સાથેના 260થી વધુ ટેન્કરો ગલ્ફમાં ફસાયેલા છે. આ સમાચાર વાયુવેગે પ્રસરતા આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડના ભાવમાં 5% જેટલો ઉછાળો આવ્યો છે અને તે પ્રતિ બેરલ 95 ડોલરની સપાટીની નજીક પહોંચી ગયા છે. જો આ નાકાબંધી લાંબો સમય ચાલશે, તો ભારત સહિતના આયાતકાર દેશોમાં પેટ્રોલિયમ પેદાશો અને મોંઘવારી પર તેની સીધી અસર જોવા મળી શકે છે.

# એનર્જી સેક્ટરમાં તેજીના સંકેત

**વધતી** ગરમી અને પાવર ડિમાન્ડ વચ્ચે 'રિન્યુએબલ' પર દાવ

મુંબઈ, તા. 20: હવામાન વિભાગ અને સ્કાયમેટ દ્વારા ચોમાસાની આગાહી કરવામાં આવી છે, જે સામાન્યથી નબળું રહેવાની આગાહી કરી રહી છે. એક બાજું વૈશ્વિક અનિશ્ચિતતાના કારણે ક્રુડ-ગેસના ભાવો આસમાને પહોંચી રહ્યા છે, ત્યારે ગરમીના પ્રકોપથી વધુને વધુ વીજળીની માગ રહેશે, તેવું બ્રોકરેજ હાઉસીસ અનુમાન કરી રહ્યા છે.

તાજેતરમાં ગ્લોબલ બ્રોકરેજ હાઉસ જેફરીજે એનર્જી સેકટરમાં રિન્યુએબલ એનર્જી સેકટરને મહત્વ આપી રહ્યા છે. જેમાં રિન્યુએબલ એનર્જીમાં ચાર જેટલી કંપનીઓના શેરોને પસંદ કરી રહ્યા છે.

આ અહેવાલમાં જણાવાયું છે કે, વધતી જતી વીજળીની માગ, સરકારી સમર્થન અને વૈશ્વિક અનિશ્ચિતતા જેવા પરિબળો હવે ઉર્જા સુરક્ષાને સૌથી મહત્વપુર્ણ બનાવી રહ્યા છે.

જેફરીઝના જણાવ્યા અનુસાર વિશ્વભરમાં વધતા ભૌગોલિક રાજકીય તણાવને કારણે દેશો હવે બહારથી ઉર્જા પર તેમની નિર્ભરતા ઘટાડવા માગે છે. આ જ કારણે ભારતમાં રિન્યુએબલ એનર્જી પર ઝડપથી કામ થઈ રહ્યું છે. બ્રોકરેજનો અંદાજ છે કે, નાણાકીય વર્ષ 2025થી 2030 વચ્ચે દેશની રિન્યુએબલ ઉર્જા ક્ષમતા 359 ગીગાવોટ સુધી પહોંચી શકે છે.

તેમનું કહેવું છે કે, વીજળીની માગ થોડી નબળી રહી છે, પરંતુ તેમાં વધુ સુધારો થવાની અપેક્ષા છે. નાણાકીય વર્ષ 2025-26ની મંદી બાદ નાણાકીય વર્ષ 2027માં વીજળીની માગ 6 ટકાના દરે વધી શકે છે.

અહેવાલમાં એમપણ જણાવાયું છેક , અલ નીનોની સ્થિતિ પણ વીજળીની માગમાં વધારો કરી શકે છે. ઓછા વરસાદ, ઠંડક અને સિંચાઈની જરૂરિયાત વધે છે. જે વીજળીનો વપરાશ વધારે છે.

એટલે કે ઔદ્યોગિક સહિત કૃષિ સેકટરમાં પણ વીજળીની માગ વધશે. ઉલ્લેખનીય છે કે, ભારતમાં કુલ વીજળીની માગના લગભગ 40થી 45 ટકા માગ આ જરૂરિયાતોમાંથી આવે છે.

પાવર જનરેશન સેગમેન્ટમાં જેફરીઝ ચાર કંપનીઓને પસંદ કરી રહ્યા છે. જેમાં જેએસડબલ્યુ એનર્જી અને એનટીપીસી તેમની ટોપની પસંદગી છે. આ કંપનીઓ વધતી વીજળીની માગ અને સરકારના સમર્થનથી સૌથી વધુ લાભ મેળવી શકે છે. ત્યારબાદ સોલર મેન્યુફેકચરીંગમાં જેફરીઝે મજબૂત બેલેન્સશીટ અને સારી ઓર્ડર બુક ધરાવતી બે કંપની પ્રીમિયર એનર્જી અને એમ્વીને પસંદ કર્યા છે. જેફરીઝનું સ્પષ્ટ માનવું છે કે, વધતી જતી વીજળીની માગ, સરકારી નીતિઓ માટે સમર્થન અને હવામાન અને ભૌગોલિક રાજકારણ જેવા વૈશ્વિક પરિબળોના કાણે આ ક્ષેત્ર સારી ગતિ જાળવી શકે છે.

# વૈશ્વિક પડકારો છતાં ભારતીય લઘુ ઉદ્યોગોમાં 'ગ્રોથ' અકબંધ

**ગ્રોથ** અકબંધ છે, પણ બદલાતી વૈશ્વિક પરિસ્થિતિના કારણે ગતિ ધીમી પડી: અહેવાલ

**ગ્રોથ** અકબંધ છે, પરંતુ બદલાતી વૈશ્વિક પરિસ્થિતિને કારણે, તેની ગતિ થોડી ધીમી પડી

નવી દિલ્હી, તા. 20: વૈશ્વિક પડકારો હોવા છતાં, ભારતનું એમએસએમઈ મેન્યુફેક્ચરિંગ સેક્ટર મજબૂત છે, પરંતુ આ વૃદ્ધિને ટકાવી રાખવા માટે સમયસર નીતિગત સમર્થન અને સ્થિર વૈશ્વિક વાતાવરણની જરૂર પડશે.

એસએમઈ માર્કેટ સેન્ટિમેન્ટ ઈન્ડેક્સની બહાર પાડેલી ચોથી આવૃત્તિમાં જણાવાયું છે કે, જાન્યુઆરીથી માર્ચ 2026 દરમિયાન એમએસએમઈ ક્ષેત્રના પ્રદર્શન અને આગામી ક્વાર્ટરના આઉટલુકને આવરી લે છે. રિપોર્ટ અનુસાર, ગ્રોથ અકબંધ છે, પરંતુ બદલાતી વૈશ્વિક પરિસ્થિતિને કારણે, તેની ગતિ થોડી ધીમી પડી છે.

સર્વે અનુસાર, એસએમઈ બિઝનેસ એક્ટિવિટી ઈન્ડેક્સ માર્ચ ક્વાર્ટરમાં 56.5 પર હતો, જે અગાઉના ક્વાર્ટરમાં 58.9 કરતા થોડો ઓછો હતો, પરંતુ હજી પણ વિસ્તરણ સૂચવે છે. તેવી જ રીતે, એપ્રિલથી જૂન 2026 માટે એસએમઈ બિઝનેસ આઉટલુક ઈન્ડેક્સ 58.7 પર હતો, જે અગાઉના 60.7 કરતા થોડો ઓછો હતો, પરંતુ હજી પણ સકારાત્મક સંકેત આપે છે.

પીએચડી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે બિઝનેસ વધવાનું મુખ્ય કારણ નવા ઓર્ડર અને ઉત્પાદનમાં સ્થિરતા છે. લગભગ 37 ટકા કંપનીઓએ કહ્યું કે નવા ઓર્ડર વધશે, જેનાથી ઉત્પાદનમાં પણ વધારો થશે. તે જ સમયે, રોજગાર અને સપ્લાય ચેઈનમાં ખાસ ફેરફાર જોવા મળ્યો નથી, જે સૂચવે છે કે કંપનીઓ સાવધાની સાથે સંતુલિત વ્યૂહરચના અપનાવી રહી છે. કંપનીઓ પણ આગામી ક્વાર્ટર વિશે આશાવાદી છે. લગભગ 37 ટકા કંપનીઓ તેમના વ્યવસાયમાં વધુ વૃદ્ધિ થવાની અપેક્ષા રાખે છે, જ્યારે તેમાંથી લગભગ અડધા માને છે કે પરિસ્થિતિ સ્થિર રહેશે. રોકાણના મોરચે પણ સકારાત્મક વલણ જોવા મળી રહ્યું છે.

લગભગ 47 ટકા કંપનીઓ ભવિષ્યની માંગ અંગેની અપેક્ષાઓને કારણે કેપેક્સ વધારવાની યોજના બનાવી રહી છે. જોકે, કંપનીઓ હજી પણ ભરતીની બાબતમાં સાવચેત છે અને ધીમે ધીમે ભરતીમાં વધારો કરી રહી છે. આ બતાવે છે કે કંપનીઓ અનિશ્ચિત વૈશ્વિક પરિસ્થિતિઓ વચ્ચે ખર્ચ અને કામગીરીને સંતુલિત કરવાનો પ્રયાસ કરી રહી છે.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
**ટચૂકડી**
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેર હોમ. Mobile: 9825859049, 7859985601

**લાઇફ હિંચકાના કડાં,**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ : 8460222292, 8460222282

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**ઘરબેઠા TV, LCD**
LED, રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામિની ઈલેક્ટ્રોનિક્સ. અડાજણ. 9898302700

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**વ્યવસાયીક આરોગ્ય વિષયક**

**મોતિયાનું ઓપરેશન**
તમારા બજેટમાં કરાવવા પ્રખ્યાત હોસ્પિટલ દવાવાલા આઈકેર પાલનપુર જકાતનાકા સુરતનો આગ્રહ રાખો 9898133189

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**સાગર 9427113317**
એસી બસમાં. વેકેશનમાં મહાબળેશ્વર, શિરડી/શનિ-રવિ ખાનવેલમાં સેલવાસ દમણ,

**ઈન્ડસ્ટ્રીયલ પ્રોપર્ટી વેચવાની છે**
માસમા ઓલપાડ હાઈવે - વડોદ કિરણ હોસ્પીટલ લાગુ કેનાલ રોડ,
સાઈઝ 32 x 90
G + 2 માળ 9000
સ્કવેરફુટ બાંધકામ,
દસ્તાવેજ પ્લાનપાસ લોન થાય એવુ તથા નવુ બાંધકામ લુમ્સ મશીન કે દરેક ધંધાને અનુકુળ
ચેતનભાઈ
9724338288

**ઉજ્જૈન, ઓમકારેશ્વર**
દ્વારકા, સોમનાથ, ડાકોર, પાવાગઢ, શિરડી, શનિદેવ, શામળાજી, અંબાજી, ચોટીલા. મહાદેવ ટુર એન્ડ ટ્રાવેલ્સ. 7802062340, 8238872861

**હિમાલયા હોલીડેઝ**
(1) અમરનાથ યાત્રા Rs: 9999/= (2) અમરનાથ સાથે કાશ્મીર, ગુલમર્ગ, સોનમર્ગ વૈષ્ણોદેવી Rs: 20999/= Mo- 9825142005 /9427803273

**મિલ્કત વેચવાની છે**

**વેચવાનું છે**
શાળાની બેન્ચો, પંખાઓ, ઓફિસ ફર્નિચર, લાકડાના પાર્ટીસનો 9727211122

**નોકરી વિષયક**

**ડાઈંગ અને પ્રિન્ટીંગ**
મિલ માટે અનુભવી કલર સ્ટોર કીપર જોઈએ છે Mobile. No: 9033840898

**અમારી સ્થાપિત**
ફૂડ પ્રોડક્ટ્સ કંપની માટે મસાલા તથા ડ્રાયફ્રૂટ્સ,નમકીન ફૂડ પ્રોડક્ટ્સ ના વેચાણ માટે અનુભવી ફિલ્ડ સેલ્સમેન ની તાત્કાલિક જરૂર છે. સ્થળ: સુરત પગાર: લાયકાત અને અનુભવ મુજબ સંપર્ક નંબર: 8469666190

**ડ્રાઈવર જોઈએ છે**
DGVCL , કોસાડ, વરાછા, સારોલી, લસકાના, સીમાડા ગોથાણ ૮ કલાક ૧૨ કલાક માટે ૪ વર્ષ માટે ડ્રાઈવર જોઈએ છે. મોબાઈલ 8511311422

**ઘર માટે Parttime**
કામવાળી જોઈએ છે, ગુજરાતી આવડતું હોવું જોઈએ, ઉંમર 35 સુધી. સુરતની Maid Agency એ સંપર્ક કરવો 7862057414 (29)

**વર્ષ બચાવો. વર્ષ બચાવો**
10th/ 12th (આટ્ર્સ, વાણિજ્ય, વિજ્ઞાન) નાપાસ વિદ્યાર્થી 45 દિવસમાં પાસ કરો. 8th, 9th નાપાસ સીધી 10th કરો. 11th નાપાસ સીધી 12th પાસ કરો. બિના TC (ટ્રાન્સફર સર્ટિફિકેટ) વગર 3rd. 5th અને 8th ધોરણ પાસ કરી શકાય. એસ્પાયર એજ્યુકેશન, ડુંભાળ, સુરત. 9724346581/ 7778025581 (36)

**અડાજણમાં દવાખાનાં**
માટે નર્સીંગ સ્ટાફ/ માસીની જરૂર. M- 9099655618, 6352705220

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.